**સમરી સ્યુટ નં.૦૩/૨૦૨૫**

**આંક–૧૨ નીચે હુકમ**

સાંભળ્યા. અરજી તથા પેપર્સ વિગેરે વંચાણે અને લક્ષ માં લીધા. આ કામે વાદી તરફે લેખીત દલીલો આંક–૨૨ થી આવેલ છે અને પ્રતિવાદી તરફે આંક–૨૪ થી લેખીત દલીલો જે આપવામાં આવેલ છે જે બંને પક્ષે મૌખિક તથા લેખીત લક્ષમાં લીધી અને સાંભળી.

આ કામે પ્રોમીસરી નોટ તથા ચેક ના આધારે આ દાવો રજુ થયેલ છે અને તા.૧૧/૦૬/૨૦૨૨ ના રોજ નો રૂા.૫,૫૦,૦૦૦/– ની રકમ નો ચેક છે અને તા.૧૧/૮/૨૦૨૨ ના રોજ નો રૂા.૫,૫૦,૦૦૦/– નો તકરારી ચેક છે અને તા.૧૧ એપ્રિલ ૨૦૨૨ ના રોજની રૂા.૧૧,૦૦,૦૦૦/– ટુકડે ટુકડે રોકડા ઉછીના લીધેલ છે તે રકમ લખી લેનાર ને આપવા બાબતની પ્રોમીસરી નોટ છે અને રેવન્યુ ટીકીટ લગાડી તેના ઉપર લખી આપનાર ની સહી છે.

આ કામે જે વ્યકિત એ પ્રોમીસરી નોટ અને ચેક લખી આપેલ છે તે વ્યકિત નુ અવસાન થયેલ છે અને તેના વારસદારો ને આ કામે પ્રતિવાદી તરીકે જોડેલા છે.

જે વ્યકિત એ કમલેશભાઈ અંબાલાલ જયસ્વાલ જેઓનુ અવસાન થયેલુ છે તો ખરેખર ચેક ની રકમ દર્શાવેલ છે તે વ્યવહાર અંગેનો પુરાવો લેવો જરૂરી છે અને જો ચેક નો વ્યવહાર સાબીત થાય તો તેઓની મિલ્કત જે વ્યકિત ધારણ કરે તેની આ જવાબદારી ઉભી

થાય છે. પ્રથમ તો એ નકકી કરવુ પડે કે આ તકરારી ચેક અને પ્રોમીસરી નોટ માં જે રકમ દર્શાવેલ છે તે કુલ રૂપીયા અગીયાર લાખ આ કામના વાદી   કમલેશભાઈ અંબાલાલ ના વારસ સાથે આ માં ગણી કરી શકે અને તેના માટે પુરાવો નોંધવો ખુબ જ જરૂરી હોય અને રેકર્ડ પર પુરાવો આપ્યા બાદ ગુજરનાર  કમલેશભાઈ અંબાલાલ ના વ્યવહાર બાબતે કંઈ અન્ય હકીકત રેકર્ડ પર આવે તેવા સંજોગો હોય તેવા સંજાગો માં આ લીવ ટુ ડીફેન્સ ની અરજી  મંજુર કરવી ઉચિત અને ન્યાયી જણાતુ હોય ન્યાય ના વિશાળ હિત માં નીચે મુજબ હુકમ કરુ છુ.

**<u>હુકમ</u>**

- હાલની આ અરજી મંજુર કરુ છુ અને સમરી દાવા માંથી રેગ્યુલર સીવીલ સ્યુટ દાવા તરીકે કન્વર્ટ કરુ છુ.

હુકમ આજરોજ ની ખુલ્લી અદાલત માં વાંચી સંભળાવી જાહેર કરુ છુ.

( એમ.એસ.દવે )
તા.૨૨/૦૪/૨૦૨૬ પ્રિન્સીપાલ સીનીયર સીવીલ જજ
મુ.મોડાસા. મોડાસા

કોડ નં. જી.જે.૦૦૭૬૦